# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું આયોજન

૨૦૧૫થી દર વર્ષે ૨૧ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે, કોરોના મહામારીના કારણે સતત બીજા વર્ષે વર્ચ્યુઅલી યોગ દિવસની ઉજવણી થઈ રહી છે. આજે જ્યારે સમગ્ર વિશ્વ કોરોના મહામારીનો સામનો કરી રહ્યું છે ત્યારે યોગ આશાનું એક કિરણ બની રહ્યો છે. બે વર્ષથી દુનિયાભરના દેશોમાં કોઈ મોટો કાર્યક્રમ આયોજીત થયો ન હોય તો પણ યોગ પ્રત્યેનો ઉત્સાહ સહેજ પણ ઓછો થયોનથી. કોરોના હોવા છતાં પણ આ વખતે રાજ્ય સરકારના યોગ દિવસના વિષય “Be with Yoga,Be at home ” ને કારણે લોકોના ઉત્સાહમાં અનેક ગણો વધારો કર્યો છે.




સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે તા.૧૯/૦૬/૨૦૨૧ થી ૨૦/૦૬/૨૦૨૧ ના પુર્વ સંધ્યાએ યોગ તાલીમનું આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ સ્વામી વિવેકાનંદ ઇન્ડોર સ્ટેડીયમ, સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે કરવામાં આવેલ હતુ,જેમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ કોવિડ-૧૯ ના પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને મર્યાદિત સંખ્યામાં યોગ તાલીમમાં ભાગ લીધેલ હતો.

## સામૂહિક તસ્વીરો.





પ્રથમ હરોળમાં ડાબી બાજુથી બીજા ક્રમે બેઠેલ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કાર્યકારી કુલસચિવશ્રી અમિત પારેખ ,યોગ તાલીમનો લાભ લઈ
રહેલ તમામ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓ.



અંતમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. નીતિનભાઈ પેથાણી તથા ઉપકુલપતિશ્રી ડો. વિજયભાઈ દેશાણી દ્વારા સર્વે કર્મચારીઓને વર્ચ્યુઅલી આંતરરાષ્ટ્રીભાય યોગદિવસની શુભેચ્છા આપી હતી.

